## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




બહેન... બાર વાગ્યાથી વધુ સમય માટે બેબી ગરબા રમવાની હોય તો.. મેક ઈન ઈન્ડિયા ચણિયા ચોળીલઈ જાવ... અને એક બે કલાક ગરબા રમવાની ટેવ હોય તો... સસ્તી ચાઈનાની ચણિયા ચોળી તો છે જ....!

# અડચણરૂપ લારી-ગલ્લા ધારકો સામે પોલીસની તવાઈ

### સે-૭ પોલીસે ત્રણ લારી-ગલ્લાધારકો સામે ગુનો દાખલ કર્યો

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેરમાં ઠેર-ઠેર અડચણરુપ લારી-ગલ્લાઓ જોવા મળે છે. ત્યારે પોલીસે પણ હવે રસ્તા વચ્ચે અડચણરુપ ઉભા રહી જતા લારી-ગલ્લાધારકો સામે કડક કાર્યવાહી શરુ કરી દીધી છે. આજે સે-૭ પોલીસ મથકનાં ડી-સ્ટાફ દ્વારા ત્રણ સામે ગુના દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી આરંભી છે.

ગાંધીનગર શહેરનાં સે-૭ પોલીસ મથકનાં ડી-સ્ટાફ દ્વારા આજે લારી ગલ્લાધારકો સામે ગુનો નોંધી તવાઈ બોલાવી છે. પથિકાશ્રમ સર્કલથી વાવોલ જતા માર્ગ પર સિવિલ હોસ્પિટલ નજીક ઉભી રહેતી લારી અને સે-૭ ખાતે અપના બજાર પાસે પાન પાર્લર અને સે-૭ પટેલ વાડી સામેના એક ગલ્લા પર પોલીસે દરોડો પાડ્યો હતો અને ત્રણેય લારી ગલ્લા માલીકો સામે ગુનો નોંધી પોલીસે નવી ઝુંબેશ શરુ કરી છે.

# આજથી શહેરમાં રાજ્યની તમામ મેડીકલ અને ડેન્ટલ કોલેજની મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો માટે પ્રવેશ પ્રક્રિયા

ગાંધીનગર સિવિલ સંકુલમાં આવેલ ઓડીટોરીયમમાં આજથી બે દિવસીય માટે રાજ્યની તમામ ખાનગી અને સરકારી મેડીકલ અને ડેન્ટલ કોલેજના મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો માટે પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે. કમિટી દ્વારા મેરીટના આધારે મેડીકલની મેનેજમેન્ટ ક્વોટાની લગભગ ૩૯૬ જેટલી જ્યારે ડેન્ટલની ૨૩૩ જેટલી જગ્યાઓ ભરવામાં આવનાર છે. ત્યારે આ જગ્યાઓ માટે ૧૬૩૪ જેટલી ઓનલાઈન અરજી મળી છે.

ગુજરાત રાજ્યની તમામ સરકારી અને ખાનગી મેડીકલ કોલેજમાં સામાન્ય ભરતી પ્રક્રિયા પુર્ણ થઈ ગઈ છે. આ ઉપરાંત એન.આર.સીટ પણ ભરાઈ ગઈ છે. ત્યારે કોર્ટના આદેશ બાદ મેનેજ ક્વોટા ખાનગી કોલેજોમાં ભરવામાં આવનાર છે. જે માટે તા. ૨૬ અને ૨૭ સપ્ટેમ્બરના રોજ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સંકુલના ઓડીટોરીયમમાં કાઉન્સીલીંગનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં કમિટી દ્વારા મેરીટના આધારે મેડીકલમાં વિદ્યાર્થીઓએ પ્રવેશ આપશે. સોસાયટી હસ્તકની તેમજ ખાનગી કોલેજમાં મેનેજમેન્ટ ક્વોટામાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપ્યા બાદ ડેન્ટલની પ્રવેશ પ્રક્રિયા શરૂ થશે. આમ ખાનગી કોલેજમાં પણ મેનેજમેન્ટ ક્વોટાની સીટ ભરવામાં આવશે. આમ કુલ મેડીકલની ૩૯૬ જેટલી તથા ડેન્ટલની ૨૩૩ જેટલી થઈને મેનેજમેન્ટ કુલ ૬૨૯ બેઠકો ભરવામાં આવશે. રાજ્યની તમામ ખાનગી મેડીકલ અને ડેન્ટલ કોલેજમાં મેડીકલ ક્વોટાની ભરતી પ્રક્રિયા બે દિવસ ચાલશે.



### કળા જુની પણ આજીવિકા આજની

જમાનો ડિઝીટલ યુગ તરફ ઝડપભેર આગળ વધી રહ્યો છે. ૩જી અને ૪જીના યુગમાં ભાતીગણ ચીજવસ્તુઓનું સ્થાન ડિઈનર પ્રોડક્ટસ લઈ રહી છે. જો કે આ સાથે માનવી ''એન્ટિક'' વસ્તુ વસાવવાના બહાને પોતાના મનને સંસ્કૃતિથી અલગ નથી થયુ તેવુ મનાવવા પ્રયત્ન કરતો રહે છે. જુની ચીજવસ્તુઓ સાથે જુની કળા પણ લુપ્ત થતી જાય છે. તસવીરમાં દશ્યમાન મહિલા વાંસની ટોપલીઓ બનાવવાની કળામાં માહેર હશે અને તે તેની આજીવિકા રળવાનું સાધન પણ હશે જ. તેથી જ તો હવે ટોપલી ખરીદનારા ઘટી રહ્યા હોવા છતાં તે પોતાના કામ પ્રત્યે પુરી નિષ્ઠા અને તન્મયતા અર્પણ કરી રહી છે. જે ખરેખર કાબિલે દાદ છે.

# સે-૨૧ માં પિત્ઝાની શોપ પર એસ.ઓ.જી.નુ ચેકીંગ

ગાંધીનગર શહેરનાં સે-૨૧ આર.વર્લ્ડ થિયેટર નજીક આવેલી પિત્ઝા એન્ડ યુ નામની પિત્ઝા શોપ પર ગાંધીનગર એસ.ઓ.જી. એ ચેકીંગ હાથ ધર્યુ હતુ. સીસીટીવી કેમેરા તથા મજુરોનાં રજીસ્ટર ચેક કરવામાં આવ્યા હતા. જો કે તેમની શોપ પર કામ કરતા સાત મજુરો અંગે સ્થાનીક પોલીસ મથકમાં સંચાલક દ્વારા જાણ ન કરી રજીસ્ટર પણ નિભાવવામાં આવ્યુ ન હોવાનુ ધ્યાને આવ્યુ હતુ. એસ. ઓ. જી. ની ટીમે સે-૨ સી ખાતે રહેતા સંચાલક અબ્બાસભાઈ મીયાજીભાઈ રામસદા સામે જીલ્લા કલેક્ટરના જાહેરનામા ભંગ બદલ ગુનો દાખલ કરીને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મતદાર યાદી સુધારણા ઝુંબેશમાં ૩૫૦૦થી વધુ નવા નામ દાખલ કરવાની અરજીઓ મળી

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લામાં મતદાર સુધારણા ઝુંબેશ અંતર્ગત આજે યોજાયેલ ખાસ ઝુંબેશ અભિયાનમાં ૩૫૪૫ નવા નામ દાખલ કરવાની અરજીઓ તંત્રને મળી છે. અરજીઓ ઉપરાંત નામ કમી કરવા માટે ૬૧૨ અરજીઓ તથા એક વિભાગમાંથી બીજા વિભાગમાં સ્થળાંતર કરી ગયેલા મતદારોની ૨૭૪ અરજીઓ અને નામમાં સુધારા-વધારાની ૧૩૦૦થી વધુ અરજીઓ



આજે ખાસ ઝુંબેશ અભિયાન અંતર્ગત જિલ્લામાં મતદાર યાદી સુધારણા માટે નિમાયેલ નિરીક્ષક સુશ્રી આરતી કંવરે ગાંધીનગર (દ) વિધાનસભા મત વિસ્તારમાં મોટેરા, ચાંદખેડા, ભાટ સહિતના જુદા જુદા ૧૨થી વધુ મતદાન મથકોની મુલાકાત લીધી હતી તો જિલ્લા કલેક્ટર સતીસ પટેલે ગાંધીનગર (દ) વિધાનસભા મત વિસ્તારના ૧૫થી વધુ મતદાન મથકોની મુલાકાત લીધી હતી.

આ ઉપરાંત નાયબ જિલ્લા અધિકારી યોગેશ ઠક્કર, પ્રાંત અધિકારી રાકેશ વ્યાસ, મામલતદાર કલોલ તરીકે ફરજો બજાવતા સુશ્રી જયશ્રીબેન શાહ, જિલ્લા પુરવઠા અધિકારી સુશ્રી નિશાબેન શર્મા, ગાંધીનગર મામલતદાર સહિતના અધિકારીઓએ પણ મતદાન મથકની મુલાકાત લીધી હતી.

આજે ખાસ સઘન ઝુંબેશ અભિયાન અંતર્ગત ૩૫૪૫ નવા નામ દાખલ કરવાની તંત્રને મળી હતી.

ત્રણ તબક્કામાં યોજાનારી આ ખાસ ઝુંબેશમાં આજે બીજો તબક્કો હતો. જિલ્લામાં મતદારયાદી સુધારણા ઝુંબેશનો ૧૫મી સપ્ટેમ્બરથી પ્રારંભ થયેલો છે અને ૧૪મી ઓક્ટો. સુધી આ કામગીરી ચાલવાની છે. બી.એલ.ઓ. ઘરે ઘરે ફરી અને મતદારોની નોંધણી અને ચકાસણીની કામગીરી કરનાર છે.

કેન્દ્રીય ચૂંટણી પંચે મતદારયાદી શુદ્ધ અને ક્ષતિ રહિત બને તે માટેનું અભિયાન આરંભ્યુ છે. વિધાનસભા ૨૦૧૭ની ચૂંટણી માટે આ મતદાર યાદી સુધારણા અભિયાન સૌથી મહત્વનું હોવાથી રાજકીય પક્ષો પણ તંત્રને સહયોગ કરી રહ્યા છે.

ગાંધીનગર જિલ્લામાં પ્રસિદ્ધ થયેલ પ્રાથમિક મતદાર યાદીમાં ૧૧ લાખથી વધુ મતદારો નોંધાયેલા છે. જેમાં યુવા મતદારો સૌથી વધુ એટલે કે ૬ લાખથી પણ વધુ નોંધાયેલા છે.

# સીએમ વિજય રૂપાણીના વહીવટની ઈફેક્ટ

## IAS પછી IPS ઓફિસરો 'ટારગેટ' બનશે

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

ગુજરાતના ચીફ મિનિસ્ટર વિજય રૂપાણીની વહીવટી ઈફેક્ટમાં ભારતીય વહીવટી સેવા-આઈએએસ ઓફિસરોની બદલી પછી ભારતીય પોલીસ સેવા-આઈપીએસ ઓફિસરો ટારગેટ બની શકે છે. ૩૦ થી પણ વધારે આઈપીએસ ઓફિસરોની બદલી તોળાઈ રહી છે. આશ્ચર્યની બાબત એવી છે કે રૂપાણીએ ચાર્જ લીધા પછી દોઢ-પોણા બે મહિનામાં બંદર વિભાગમાં એક જ જગ્યાએ ત્રણ ત્રણ ઓફિસરો બદલાઈ ચૂક્યાં છે. પહેલા વિપુલ મિત્રા આવ્યા, પછી મુકેશ પુરી અને હવે એમ.એસ.ડાંગુર આવ્યા છે. વર્ષોથી મિનિસ્ટર રહેલા અને છેલ્લે ચીફ મિનિસ્ટર બનેલા આનંદીબહેન પટેલ વહીવટી તંત્ર પાસે કામ લેતાં લેતાં અનુભવી બની ચૂક્યાં હતા પરંતુ વિજય રૂપાણીને વહીવટી પક્કડ મેળવતાં હજી ઘણો સમય લાગે તેમ છે. ગુજરાતમાં વહીવટી ટ્રાન્સફર થાય છે તેમાં પાર્ટીના હાઈકમાન્ડનો રોલ મહત્વનો છે. દિલ્હી પૂછ્યા વિના ગુજરાતના વહીવટી તેમજ પોલીસ માળખામાં પરિવર્તનની કલ્પના પણ થઈ શકે તેમ નથી. આઈપીએસ ઓફિસરોની બદલીમાં વિલંબ થવાનું કારણ બદલીની યાદી હાઈકમાન્ડની મંજૂરીની અપેક્ષાએ છે એવું કહેવાઈ રહ્યું છે.

**આનંદીબહેનના વફાદારો કપાઇ રહ્યાં છે...**

ગુજરાતમાં સરકાર બદલાય એટલે સામાન્યરીતે ચીફ મિનિસ્ટર વહીવટી તંત્ર અને પોલીસ તંત્રમાં ફેરફાર કરતા હોય છે. આ જ પરંપરાને આગળ વધારતાં વિજય રૂપાણીએ તેમના પૂરોગામીએ પ્રાઈમ પોસ્ટીંગ આપ્યા હતા તેવા ઓફિસરોને વીણી વીણીને દૂર કરવામાં આવી રહ્યાં છે. સૌથી મોટો દાખલો અજય ભાદુનો છે. અજય ભાદુ એ બહેનની ગુડબુકમાં હોવાથી તેમને ચીફ મિનિસ્ટર ઓફિસમાંથી દૂર કર્યા છે. તાજેતરમાં ૨૨ ઓફિસરોની થયેલા બદલીઓમાં પણ આનંદીબહેન પટેલના સમર્થક ઓફિસરો પાસેથી પ્રાઈમ પોસ્ટીંગ છીનવી લેવામાં આવ્યું છે. હવે પોલીસ તંત્રમાં ફેરબદલ થતાં તેમાં બહેનના વિશ્વાસુ ઓફિસરોને બદલવામાં આવે તેવું સચિવાલયમાં ચર્ચાઈ રહ્યું છે. ભાજપના ટોચના એક નેતાએ કહ્યું હતું કે ''પહેલાં કેબિનેટમાં અને હવે વહીવટમાં બહેનના પડછાયા દૂર થઈ રહ્યાં છે. જો કે હું માનતો નથી કે તેમાં બગડેલી બાજી સુધરી શકે, હાલ સરકારમાં ચીફ મિનિસ્ટર અને ડેપ્યુટી ચીફ મિનિસ્ટર એમ બે સુપ્રિમ પદ છે અને તેને બેલેન્સ કરવું પાર્ટી હાઈકમાન્ડ માટે મુશ્કેલ સાબિત થઈ શકે છે.''

**ઉમેદવાર પસંદગીમાં કોંગ્રેસની સાવચેતી...**

વિધાનસભાના ઉમેદવારોની પસંદગીમાં આ વખતે કોંગ્રેસના નેતાઓ ખૂબ સાવચેતી રાખી રહ્યાં છે. સમાજમાં સારી છાપ ધરાતવા અને ચૂંટણી જીતી શકે તેવા ઉમેદવારોની પાર્ટીને ખોજ છે. કોંગ્રેસના ઈન્ટરનલ સર્વેક્ષણમાં પાર્ટીને હાલની સ્થિતિએ ૭૫ થી ૮૦ બેઠકો મળવાની ધારણા છે તેથી પાર્ટીના પ્રદેશ નેતાઓને કોંગ્રેસની સરકાર બનવાની આશા બંધાઈ છે. કોંગ્રેસના એક સિનિયર નેતાએ કહ્યું હતું કે પાર્ટી આ વખતે શહેરી વિસ્તારની ૪૭ બેઠકોમાં યુવા, મહિલા અને સવર્ણ ઉમેદવારોને ટીકીટ આપવા માગે છે. પાર્ટી હાલ બેઠક વાઈઝ જ્ઞાતિઓનું સર્વેક્ષણ કરી રહી છે. જે બેઠકમાં મહત્વની કોઈ જ્ઞાતિનું પ્રભુત્વ હશે ત્યાં પાર્ટી ઉમેદવારની પસંદગી તે જ્ઞાતિમાંથી કરશે. આયાતી ઉમેદવારો પર પાર્ટીએ ચોકડી મારી દીધી છે. ગાંધીનગરની એક બેઠક પર બ્રાહ્મણ ઉમેદવારને ટીકીટ આપવાની વિચારણા એ કોંગ્રેસની દિશાનો ખ્યાલ આપી જાય છે.

### છત્તીસગઢ- ઓનલાઈન એપ્લિકેશન કરો, બીજા દિવસે જમીન મળશે...

**વિજય કે જીતુ માટે વિજય આસાન નથી...**

ભાજપના પ્રદેશ સુપ્રિમો જીતુ વાઘાણી અને ચીફ મિનિસ્ટર વિજય રૂપાણી એમ બન્ને નામમાં જીત આવે છે છતાં મિશન ૨૦૧૭ તેમના માટે અધુરૂં લાગે છે. એન્ટી ઈન્કમબન્સીનું જોર એટલું મોટું છે કે કોંગ્રેસના ઊંઘતા ઉમેદવારને પણ વિજય અપાવી શકે છે. 'બૂંદ સે ગઈ વો હોજ સે નહીં આતી...' એ ઉક્તિને સાચી માનીએ તો મોદીના ગયા પછી છેલ્લા બે વર્ષમાં પાર્ટી અને સરકારમાં જે ડેમેજ થયું છે તેને પૂરવું ઘણું કઠીન છે. કોઈ કરિશ્મા જ ગુજરાતમાં ભાજપની સરકારને બચાવી શકે તેમ છે, બાકી મિડીયામાં આવતી નેગેટિવિટીને છૂપાવવાથી સરકાર કે પાર્ટીને જીવતદાન મળી જવાનું નથી. ભાજપના બન્ને તારણહાર મિસ્ટર ક્લિન ભલે હોય, ગુજરાતની પબ્લિકને અપીલ કરે તેવા ચહેરા હોઈ શકે છે પરંતુ ચૂંટણી સ્ટેટેજીના માસ્ટર માઈન્ડ નરેન્દ્ર મોદી અને અમિત શાહ તો દિલ્હીમાં બેઠાં છે. ગુજરાતની જનતા એ પણ જાણે છે કે આ બન્ને રાષ્ટ્રીય નેતાઓ સ્થાનિક રાજકારણમાં પરત ફરે તેવી કોઈ સંભાવના નથી. આ વખતે ભાજપે કોંગ્રેસ કરતાં પણ વધારે મહેનત કરવી પડશે તે ભિંત પર લખેલા સત્ય જેવું છે.

### 'બહેન'ના વફાદારોને કાપીને વહીવટી તંત્રમાં મૂળથી બદલાવનો પ્લાન

**લોકોને ગમે તે કરો, સત્તા ગુમાવવી નહીં પડે...**

ભાજપના હાઈકમાન્ડે ગુજરાત સરકાર અને પાર્ટીને એવો છૂટો દોર આપી દીધો છે કે આ વખતે ૨૦૧૭નું ઈલેકશન જીતવું જ રહ્યું, એ માટે લોકોને ગમે તે કરો.. લોકોમાં જઈને સર્વે કરો કે તેમને શું જોઈએ છે... પ્રજાલક્ષી નિર્ણયો લેવાશે તો જ પ્રજાનો મૂડ ભાજપ તરફી બનશે, અન્યથા લોકો રાજકીય નેતાઓ કરતાં પણ હોંશિયાર બની ચૂક્યાં છે. ભાજપના હાથમાં સંઘર્ષ લખ્યો છે. આસાનીથી વિજય હાંસલ થઈ શકે તેમ નથી. ડ્યુટી અને સેસ ઘટાડીને લોકોને પેટ્રોલ અને ડિઝલ સસ્તુ આપો. દૂધના ભાવ કાબૂમાં રાખો. મોંઘા શાકભાજી સસ્તા મળે તે માટે ખેડૂતોને ડાયરેક્ટ બજારમાં ઉતરવાની છૂટ આપો. સત્તામાંથી વચેટીયા તત્વોને દૂર કરી લોકો સાથે સીધી વાત કરો. ખેડૂતોના પ્રશ્નોને સાંભળીને જાતે જઈ ઉકેલ લાવો. યુવાનોની સમસ્યાનું સીધું સમાધાન કરો. લોકોને ન્યાય મળે તે માટે પોલીસનો એટીટ્યુડ સુધારો. સરકારમાં મિનિસટરો અને ઓફિસરોને કહી દો કે જનતા માટે દરવાજા ખુલ્લા રાખે. ગરીબોને ૧૦ રૂપિયામાં ગુજરાતી થાળી ભોજન આપો, સસ્તુ પાણી આપો. સરકારને કરવું હોય તો ઘણું કરી શકે છે. નર્મદા વોટરની પેક્ડ બોટલ આઠ કે દસ રૂપિયામાં બજારમાં વેચી શકે છે. સરકાર પાસે પાવર છે, સસ્તી વીજળી આપી શકે છે.

### જો...જો... 'ગુજરાત નંબર-૧'ના ૨૫૦ એવોર્ડ ભંગારમાં વેચવા ન પડે

**ગુજરાતમાં 'નંબર-વન'ની ગેમ થઇ ગઇ છે..**

ગુજરાતમાં નંબરવનની ગેમ થઈ ગઈ છે. આપણા પાડોશી રાજ્યોએ આ ગેમ બજાવી છે. મોદીના શાસનમાં ગુજરાત જેમાં નંબર વન હતું તે સ્થાન હવે ડગી રહ્યું છે. ગુજરાતને સોલાર હબ બનાવવાના મોદીના ખ્વાબ અધુરાં રહ્યાં છે, કારણ કે આપણાં કરતાં રાજસ્થાન આગળ નિકળી ગયું છે. ઔદ્યોગિક વિકાસમાં મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ સ્પર્ધાત્કમ સ્થિતિમાં આવી ચૂક્યાં છે. આંકડાની માયાજાળ છોડીને ગુજરાતે નક્કર કદમ ઉઠાવવાનો સમય આવી ચૂક્યો છે, નહીં તો ગુજરાતમાં સ્થપાયેલા અને સ્થાપવા માટેના જેમણે કમિટમેન્ટ કર્યા છે તેઓ બીજા રાજ્યમાં સરકી જશે. કારણ કે ઉદ્યોગોને રાજ્યોનો વિકલ્પ મળી રહ્યો છે. હવે તો મોટા ભાગના રાજ્યો ઈન્વેસ્ટર્સ સમિટ કરી રહ્યાં છે અને ઉદ્યોગકારોને આકર્ષી રહ્યાં છે. સિંગુરમાં નેનો પ્લાન્ટનો વિરોધ કરનારા પશ્ચિમ બંગાળના ચીફ મિનિસ્ટર મમતા બેનરજીએ રતન તાતાને ઉદ્યોગ સ્થાપવા ફરી ઈન્વાઈટ કર્યા છે. ગુજરાત માટે આટલો દાખલો પૂરતો છે, કારણ કે હવે નેનો પ્રોજેક્ટ ફેલ્યોર બની ચૂક્યો છે.

**છત્તીસગઢ- ૪૮ કલાકમાં ઉદ્યોગોને જમીન...**

નાના કે મોટા ઉદ્યોગકારો માટે ભાજપની અન્ય સરકારો આગળ વધતી જાય છે ત્યારે ગુજરાત સરકાર પાછળ ધકેલાઈ રહી છે. નાનકડા રાજ્ય છત્તીસગઢમાં સરકાર બે દિવસમાં જમીન મંજૂર કરી આપે છે, જ્યારે ગુજરાતમાં જમીન મેળવવા માટે ઉદ્યોગજૂથને ધક્કા ખાવા પડે છે અને લાંચ આપવી પડે છે.

છત્તીસગઢના મુખ્યપ્રધાન રમણસિંહે ઈન્વેસ્ટર્સને રાજ્યમાં મૂડીરોકાણ કરવા માટે આમંત્રણ આપ્યું છે. તેમણે કહ્યું છે કે ઉદ્યોગ શરૂ કરવા માટે ઓનલાઈન આવેદન કર્યા બાદ માત્ર બે દિવસમાં જ જમીન સંપાદન કરી દેવામાં આવશે કે જેથી એકમ ઝડપથી શરૂ થઈ શકે. તેમણે લેન્ડ બેન્ક બનાવી છે અને તેમાંથી જમીન આપે છે, જ્યારે ગુજરાતમાં લેન્ડબેન્ક બનાવી છે પરંતુ તે પસંદગીના ઉદ્યોગકારોને આપવામાં આવે છે. વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમટિમાં એમઓયુ કર્યા પછી ઘણાં ઉદ્યોગજૂથના પ્રતિનિધિઓ સચિવાલયમાં મહિનાઓથી ધક્કા ખાઈ રહ્યાં છે. એક નહીં અનેક મંજૂરીઓ માટે ઠેકઠેકાણે લાંચની રકમ ચૂકવી ચૂક્યાં છે. આ સિસ્ટમને દૂર કરવામાં નહીં આવે તો ગુજરાતનું ટોચનું ઔદ્યોગિક રાજ્યનું બિરૂદ પણ ઝૂંટવાઈ જવાનો ખતરો છે.

**ભારતીય ચલણનો ઇન્કાર એટલે રાજદ્રોહ...**

ભારતીય ચલણનો બજારમાં કોઈ વેપારી અસ્વિકાર કરે તો તે રાજદ્રોહના કેસમાં ફસાઈ શકે છે, કારણ કે ભારતીય રિઝર્વ બેન્કે છાપેલું ચલણ સ્વિકારવો એ દેશનું અપમાન છે. વોટ્સઅપ અને સોશ્યલ મિડીયાના માધ્યમથી એવી પ્રસિદ્ધિ થઈ હતી કે રિઝર્વ બેન્ક ૧૦ રૂપિયાનો સિક્કો બંધ કરે છે, તેથી વેપારીઓ આ સિક્કા લેતાં ન હતા એ જ કારણથી બરેલીના પુલકીત શર્મા પાસે ૧૦ રૂપિયાના સિક્કાનો ભરાવો થઈ ગયો હતો, કારણ કે વેપારીઓ ૧૦ રૂપિયાના સિક્કા લેતાં ન હતા. તેમને તેની ફરિયાદ ડિસ્ટ્રીક્ટ મેજીસ્ટેટ સમક્ષ કરતાં તેઓએ કહ્યું કે ૧૦ રૂપિયાનો સિક્કો લેવાનો ઈન્કાર કોઈ કરશે તો તેમની સામે રાજદ્રોહનો ગુનો દાખલ કરાશે. આરબીઆઈના નિયમો પ્રમાણે ભારતીય ચલણનો ઈન્કાર એટલે ભારતીય મુદ્રાનું અપમાન છે અને તે અધિનિયમ પ્રમાણે કેસ દાખલ થઈ શકે છે.

**૨૭૦ પૈકી ૧૪ વેબસાઇટ્સ વેલ અપડેટ...**

કેન્દ્રમાં મોદી સરકારના કેબિનેટ પ્રધાનો તેમજ વિભાગોના સેક્રેટરીઓ સોશ્યલ સાઈટ્સ પર જેટલા એક્ટિવ છે તેટતા એક્ટિવ ગુજરાતના કેબિનેટ પ્રધાનો કે ઓફિસરો નથી. કેન્દ્રમાં નરેન્દ્ર મોદી વિશ્વના કોઈપણ ખૂણે હોય તેમનું લાઈવ પ્રસારણ સોશ્યલ મિડીયામાં આવે છે. કેન્દ્રના મિનિસ્ટરનું સોશ્યલ માર્કેટીંગ થાય છે. સેક્રેટરી જાતે ટ્વિટવ અને ફેસબુક એકાઉન્ટ હેન્ડલ કરીને વિભાગની કામગીરીની સચોટ માહિતી રજૂ કરે છે, પરંતુ ગુજરાતમાં સોશ્યલ સાઈટ્સ પર સરકારની કામગીરી ઝીરો છે. એકમાત્ર ચીફ મિનિસ્ટર વિજય રૂપાણીની સોશ્યલ મિડીયાની ટીમ એક્ટિવ છે, પ્રધાનો પાસે શોસ્યલ મિડીયાની ટીમનો અભાવ છે. અત્યંત ખેદજનક બાબત એવી છે કે ગુજરાતની ૨૭૦ જેટલી વેબસાઈટ્સ પૈકી માત્ર ૫ ટકા વેબસાઈટ વેલ અપડેટ છે, બાકીની વેબસાઈટ્સમાં હજી મોદી સરકારનો ડેટા ચઢાવેલો છે, કારણ ખૂબ સિમ્પલ છે- 'ગુજરાત સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગને હવે મોદીનો ડર રહ્યો નથી.'